ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



કાદવ-કિચડવાળા માર્ગો પર જેસીબીથી માટી-કપચીનુ પુરાણ કરી રસ્તો લેવલ કરવા લોકમાંગ ઉઠી

## ગોધરામાં ભારે વરસાદથી રસ્તાઓ બિસમાર થતા સ્થાનિકોને પારાવાર મુશ્કેલી

**કિચડથી** ભરેલા માર્ગો પરથી વાહનચાલકોને સ્લીપ થવાનો ભય સતવે છે



(પ્રતિનિધી) ગોધરા, તા.27
પંચમહાલ જિલ્લાના વડા મથક ગોધરા શહેરમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદને પગલે સ્થાનિક માળખાગત સુવિધાઓની પોલ ખૂલી ગઈ છે. શહેરના દોઢપા તળાવ, લુહાર સુથાર વાડીની પાછળ આવેલી જય માતાજી અને સરસ્વતી સોસાયટી સહિતના વિસ્તારોમાં રોડ-રસ્તાની અત્યંત બિસ્માર હાલત અને કાદવ-કીચડને કારણે સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદના કારણે આ વિસ્તારના કાચા અને ખાડાટેકરાવાળા રસ્તાઓ પર પાણી ભરાવાની અને કીચડની ગંભીર સમસ્યા સર્જાઈ છે. જેના પરિણામે વાહનચાલકો, રાહદારીઓ, વૃદ્ધો, મહિલાઓ, બીમાર વ્યક્તિઓ અને શાળાએ જતા બાળકોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે. અવારનવાર વાહનો સ્લીપ થઈ જવાના અને લોકોના પડી જવાના બનાવો બની રહ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સ્થાનિક રહીશ ગીરીશભાઈ પોતાના દીકરાને ટ્યુશનથી લેવા જઈ રહ્યા હતા ત્યારે કાદવમાં સ્લીપ ખાઈને પડી ગયા હતાજોકે સદનસીબે તેમનો આબાદ બચાવ થયો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આવા નાના-મોટા અકસ્માતો અહીં રોજિંદા બની ગયા છે. રહીશોનું કહેવું છે કે ગત વર્ષે તેઓએ જાતે ફાળો એકઠો કરીને રસ્તાનું સમારકામ અને પુરાણ કરાવ્યું હતું. જેથી ગયા ચોમાસામાં રાહત રહી હતી. પરંતુ આ વર્ષે પરિસ્થિતિ ગત વર્ષ કરતા પણ વધુ ખરાબ છે.

સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે ચૂંટણી સમયે વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો અને આગેવાનો મત માંગવા માટે ઘરે-ઘરે આવતા હોય છે પરંતુ ચૂંટણી પૂર્ણ થયા બાદ જનતાની આ હાલાકી દૂર કરવામાં કોઈ રસ દાખવતું નથી. સ્થાનિક તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. કોઈ મોટી જાનહાનિ કે ગંભીર ઈજા થાય તે પહેલાં તંત્ર જાગે તેવી લોકમાંગ ઉઠી છે. તમામ રહીશો તથા સામાજિક કાર્યકરો દ્વારા વહીવટી તંત્ર અને નગરપાલિકા સમક્ષ માંગ કરવામાં આવી છે.

## વેજલપુર MGVCL કચેરીમાંથી સાપનું સફળ રેસ્ક્યુ કરાયું



(પ્રતિનિધી) કાલોલ, તા.27
વેજલપુર સ્થિત મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) ની કચેરીમાં આજે અચાનક એક સાપ આવી પહોંચતાં કચેરીના કર્મચારીઓ અને કામઅર્થે આવેલા નાગરિકોમાં ક્ષણિક અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની વિગત મુજબ, કચેરીના કામકાજ દરમિયાન અચાનક એક સાપ જોવા મળ્યો હતો. સાપ દેખાતા જ કર્મચારીઓએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક સ્થાનિક સ્નેક રેસ્ક્યુઅરનો સંપર્ક કર્યો હતો. સમાચાર મળતા જ જીવદયા પ્રેમી તાત્કાલિક MGVCL કચેરી ખાતે પહોંચી ગયા હતા. તેમણે ખૂબ જ ધૈર્ય, કુશળતા અને સુરક્ષિત પદ્ધતિથી સાપનું રેસ્ક્યુ કર્યું હતું.

‘ગૌ સન્માન આહ્વાન અભિયાન’

## કાલોલમાં ગૌરક્ષકોએ ગૌ માતાને રાષ્ટ્રીય સન્માનની માંગ કરી



(પ્રતિનિધી) કાલોલ, તા.27
કાલોલ તાલુકાના કાલોલ ખાતે આવેલ કામધેનુ ગૌશાળા પરિસરમાં ગૌ સંવર્ધન અને ગૌ સંરક્ષણના પુનઃ જાગરણ માટે એક વિશેષ ‘ગૌ સન્માન આહ્વાન અભિયાન’ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગૌભક્તો અને સ્થાનિક નાગરિકો ઉત્સાહભેર એકઠા થયા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ ભક્તજનોએ એકસૂરે ગૌમાતાને રાષ્ટ્રની માતા (રાષ્ટ્રીય માતા) તરીકેનું સ્થાન અને સન્માન આપવાની તેમજ ગૌ રક્ષા અને સંવર્ધન માટે યોગ્ય શાસકીય નીતિ નિર્ધારિત (સરકારી નીતિઓ ઘડવા) કરવા માટેનું આહ્વાન કર્યું હતું.

આ સન્માન આહ્વાન અભિયાનમાં મોટી સંખ્યામાં ગૌપ્રેમીઓએ સ્વાક્ષરી (સહીઓ) કરીને પોતાનો સમર્થન પત્ર નોંધાવ્યો હતો અને સરકાર સમક્ષ ગૌસંરક્ષણ અંગે યોગ્ય પગલાં ભરવાની માંગ બુલંદ કરી હતી.

હાલોલ ગોધરા વડોદરા બાયપાસ રોડ પર જીવલેણ અકસ્માત

## રોડ વચ્ચે ઉભેલી ટ્રકમાં ઘૂસી જતાં બાઈકચાલક મોત



(પ્રતિનિધી) હાલોલ, તા.27
કાલોલ ના રણછોડજી મંદિર ફળિયામાં આવેલ રણછોડજી મંદિર ના મુખિયાજી નો પુત્ર નિત્ય શૈલેષભાઈ જોશી ઉ.વ. 20 ના ઓ સિગ્મા યુનિવર્સીટી ખાતે આઈ ટી એંજીન્યરિંગ માં અભ્યાસ કરતો હતો અને ગત રોજ રવિવાર ના દીવાસે બપોરે પોણા ત્રણ વાગ્યા ના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે થી બાઈક લઇ વડોદરા જવા માટે નીકળ્યો હતો. દરમ્યાન હાલોલ ગોધરા વડોદરા બાયપાસ રોડ પર હોટલ અતિથિ પાસે પસાર થતો હતો ત્યારે એક ટ્રક ચાલકે પોતાના કબજાની ટ્રક રોડ પર જીવ જોખમમાં મૂકે તેવી રીતે અડચણરૂપ ઉભી રાખી હતી. નિત્ય જોશી ની બાઈક તે ટ્રક ની પાછળ થી અથડાઈ જતા તેને શરીર પર ગંભીર ઈજા ઓ થઇ હતી . અકસ્માત સર્જાતા રાહદારીઓને લોકટોળા જમ્યા હતા. જે પૈકી એકે 108 એમ્બ્યુલન્સ ને જાણ કરતા તે ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત નિત્ય ને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો ત્યાં ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ ની જાણ હાલોલ પોલીસને થતા ઘટના સ્થળે દોડી આવી હતી. બાઈક ચાલાક ની ઓળખ છતી કરી નિત્ય જોશી ના પરિવારજાણો ને જાણ કરતા તેઓ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. અકસ્માત માં કાલોલ રણછોડજી મંદિર ના મુખિયાજીનો એકનો એક પુત્ર અને બે બહેનો વચ્ચે એક ના એક ભાઈ નું મોત નિપજ્યા હોવાની વાત કાલોલ નગર માં ફેલાતા લોકો મોટી સંખ્યામાં હાલોલ રેફરલ ખાતે દોડી આવ્યા હતા. અકસ્માત સર્જાતા ટ્રક ચાલાક ટ્રક ઘટના સ્થળે મૂકી ભાગી છૂટ્યો હતો. પોલીસે મૃતક નું હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પીએમ કરાવી પરિવારજનોને સોંપતા આજે સોમવારે સવારે કાલોલ ખાતે તેની અંતિમ વિધિ કરવામાં આવી હતી, જેને લઇ કાલોલ માં ભારે શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

બિરસા મુંડા આદિવાસી સમાજ ભવન દ્વારા આયોજન

## સામાજિક કાર્યકરો અને ગુજરાતી ફિલ્મના કલાકારોનો સન્માન સમારંભ યોજાયો



(પ્રતિનિધી) દાહોદ, તા.27
બિરસા મુંડા આદિવાસી સમાજ ભવન, દાહોદ ખાતે આજરોજ જાણીતા સામાજિક કાર્યકરો અને ગુજરાતી ફિલ્મ કડકનાથના કલાકારોનો સન્માન સમારંભ નિવૃત IAS આર.એસ. નિનામાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ખોટા આદિવાસી પ્રમાણપત્રો મુદ્દે લડત લડતા સામાજિક કાર્યકર્તા પ્રવીણભાઈ પારગીનું સન્માન પુષ્પગુચ્છ, શાલ અને ઝુલડી પહેરાવીને કરવામાં આવ્યું હતું. યુવરાજસિંહ જાડેજાએ આદિવાસીઓની ખોટા પ્રમાણપત્રો વિરુદ્ધની લડતને વધુ મજબૂત બનાવવા આહવાન કર્યુ હતું.

આદિવાસી સંસ્કૃતિ અને સમાજના રીત રિવાજો, સમસ્યાઓને ઉજાગર કરતી ગુજરાતી ફિલ્મ કડકનાથના કલાકારોમા ફિલ્મના ડાયરેક્ટર કૌશિક ગરાસીયા સહીત કલાકારો અભિનય બેંકર, ડૉ. અમીત ડામોર, વિજય ગણાવા, રાહુલ અમલીયાર, મહેશ ડામોર, અબ્દુલભાઈ, ચેતન સોલંકી, મંજુબેન, પ્રોડ્યુસર વિહંગ રાઠોડ, નિરવ ભાભોર, આર્ટ ડાયરેક્ટર શિવરામ રોઝ, પ્રોડક્શન મેનેજર ઉત્સવ સોલંકી, પ્રોડક્શન ટીમ હિતાંગ સોલંકી, સ્વપ્નીલ રાઠોડ, મૌલીક અને કાર્તિકનું પુષ્પ ગુચ્છ, શાલ અને ઝુલડી પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું.

કાલોલ તાલુકા સર્કિટ હાઉસ ખાતે ભારતીય જનતા પાર્ટીની બેઠક મળી

## કાલોલ તાલુકા એસ.સી. મોરચા સાથે સંગઠનને મજબૂત બનાવવા ચર્ચા




(પ્રતિનિધી) કાલોલ, તા.27
કાલોલ તાલુકા સર્કિટ હાઉસ ખાતે આજે ભારતીય જનતા પાર્ટીના એસ.સી. મોરચાની સંકલન બેઠક યોજાઈ હતી. બેઠકમાં કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહી કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું.

જ્યાં બેઠક દરમિયાન પાર્ટીના આગામી સંગઠનાત્મક કાર્યક્રમો અંગે વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના અમલીકરણ અને ભવિષ્યની કાર્યયોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી. એસ.સી. સમાજને સરકારની યોજનાઓનો વધુમાં વધુ લાભ મળે તે માટે વ્યૂહરચના ઘડવામાં આવી જ્યાં આ પ્રસંગે કાલોલ ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ,જિલ્લા ભાજપ મંત્રી ડો.પરાગ પંડ્યા, શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ પારેખ, કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણા, તાલુકા ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ પરમાર, કાલોલ તાલુકા એસ.સી. મોરચાના પ્રમુખ સંજયભાઈ વણકર તેમજ નવનિયુક્ત તાલુકા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન ચંપાબેન મનહરભાઈ પરમાર સહિત એસ.સી. મોરચાની તાલુકાની સમગ્ર ટીમ હાજર રહી હતી. બેઠકમાં ઉપસ્થિત તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ સંગઠનને બૂથ સ્તર સુધી વધુ મજબૂત બનાવવા માટે પોતાના સૂચનો અને વિચારો રજૂ કર્યા હતા. ધારાસભ્યએ તમામ કાર્યકરોને એકજૂટ થઈને પાર્ટીની નીતિઓ ઘર-ઘર સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો. આ બેઠકથી કાલોલ તાલુકામાં ભાજપના એસ.સી. મોરચાની પ્રવૃત્તિઓને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી

પાવાગઢ પોલીસનો સપાટો, બુટલેગરોમાં ફફડાટ વ્યાપ્યો

## સીંગપુર ચોકડી પાસે 3.95 લાખનો વિદેશી દારૂ સાથે એકને ઝડપ્યો

ત્રણ ટુ-વ્હીલર સહિત મુદ્દામાલ જપ્ત કરી બે ફરાર આરોપીઓની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે



(પ્રતિનિધી) હાલોલ, તા.27
પંચમહાલ જિલ્લામાં દારૂની હેરાફેરી અટકાવવા માટે પાવાગઢ પોલીસે વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે. સિંગપુર ચોકડી નજીક નાકાબંધી દરમિયાન ત્રણ ટુ-વ્હીલર પર ગેરકાયદેસર રીતે લાવવામાં આવતો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડી કુલ 3,95,540નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ દરમિયાન એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે બે આરોપીઓ અંધારાનો લાભ લઈ ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. પંચમહાલ-ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક તથા પંચમહાલના પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં દારૂની અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. તે અનુસંધાને હાલોલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક અને પાવાગઢ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરનાસિંગપુર ચોકડી પાસે પાવાગઢ પોલીસનો સપાટોઃ 3.95 લાખનો વિદેશી દારૂ, ત્રણ ટુ-વ્હીલર સહિત મુદ્દામાલ જપ્ત; એક આરોપી ઝડપાયો, બે ફરાર પંચમહાલ જિલ્લામાં દારૂની હેરાફેરી અટકાવવા માટે પાવાગઢ પોલીસે વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે.

પંચમહાલ જિલ્લામાં તા.૧ થી ૮ ઓગસ્ટ સુધી આયોજન

## નારી વંદન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે

(પ્રતિનિધી) ગોધરા, તા.27
આગામી તા.૧ લી ઓગસ્ટથી તા.૮ મી ઓગસ્ટ દરમિયાન પંચમહાલ જિલ્લામાં નારી વંદન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં આગામી તા.૧ લી ઓગસ્ટ થી તા.૮ મી ઓગસ્ટ, ૨૦૨૬ સુધી નારી વંદન સપ્તાહની ઉજવણી અન્વયે સમગ્ર સપ્તાહ દરમિયાન મહિલા સશક્તિકરણલક્ષી વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. પંચમહાલ જિલ્લામાં વિવિધ સ્થળોએ નારી વંદન સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવશે. જેમાં તા.૧ લી ઓગસ્ટના રોજ મહિલા સુરક્ષા દિવસ, ૩ જી ઓગસ્ટના રોજ બેટી બચાવો - બેટી પઢાવો દિવસ, તા.૪ થી ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ, તા.૫ ઓગસ્ટે મહિલા નેતૃત્વ દિવસ , તા.૬ ઓગસ્ટે મહિલા કર્મયોગી દિવસ, તા.૭ ઓગસ્ટે મહિલા કલ્યાણ દિવસ અને તા.૦૮ ઓગસ્ટના રોજ મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે. આ સપ્તાહની ઉજવણીમાં પોલીસ વિભાગ, સી-ટીમ, શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ, બાળ સુરક્ષા એકમ, રોજગાર અને તાલીમ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, કૃષિ અને પશુપાલન વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જીઆઈડીસી, લીડ બેંક મેનેજર અને આઈસીડીએસ સહિતના વિભાગ સહભાગી થશે તેમ પંચમહાલના જિલ્લા મહિલા અને બાળ અધિકારી દ્વારા જણાવવામા આવ્યું છે.

સમિતિ દ્વારા દુકાનો સુપરત કરવા નોટિસ અપાતા દુકાનદારોમાં રોષ


## દેવગઢ બારીયા APMCમાં ભાડા કરાર રીન્યુઅલ પ્રક્રિયામાં નીતિનિયમ-પારદર્શકતાનો અભાવ

(પ્રતિનિધી) દાહોદ, તા.27
દેવગઢ બારિયા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના દુકાનદારો દ્વારા તેઓની પડતર માંગણીઓને લઈને બજાર સમિતિના સત્તાધીશોને આવેદન પત્ર આપવા માં આવતાં એક્શનમાં આવેલા બજાર સમિતિના સત્તાધીશો દ્વારા દુકાનદારોને ચાલુ મહિનાની અંતિમ તારીખ સુધીમાં બજાર સમિતિએ ફાળવેલ સ્ટોલ બજાર સમિતિને સુપરત કરવા માટે નોટિસ ફટકારતા દુકાનદારોમાં બજાર સમિતિના સભ્યો સામે છુપો રોષ જોવા મળી રહ્યો છે. સમિતિ દ્વારા દર વર્ષે દુકાનોનું ભાડું ૧૦% વધારવામાં આવે છે. જે ખરેખર વધુ પડતું હોય તે ઘટાડી પાંચ ટકા કરવામાં આવે, ભાડા કરાર રીન્યુઅલ પ્રક્રિયા પારદર્શક અને સમાન નીતિ મુજબ કરવી, રિન્યુઅલ સમય લેવામાં આવતી ડિપોઝિટ ની રકમ વ્યાજબી અને દુકાનદારોને પરવડે તેવી રાખવી, દુકાનોનું તગડું ભાડું વસુલાતું હોઈ દુકાનદારોને સ્વચ્છ અને સુઘડ ટોયલેટ-બાથરૂમની સુવિધા આપવી, માર્કેટમાં દુકાનદારોને પાર્કિંગ ની સુવિધા પ્રદાન કરવી, જૂની દુકાનોના છત અને સ્લેબ ની જરૂરી મરામતની જવાબદારી એપી એમસી એ સ્વીકારવી તેમજ અન્ય પડતર માગણીઓના સકારાત્મક નિરાકરણ માટે તાજેતરમાં જ દુકાનદારોએ બજાર સમિતિના સત્તાધિશોને આવેદનપત્ર આપ્યું હતું.

પરંતુ બજાર સમિતિના સેક્રેટરીએ માગણીઓ નું નિરાકરણ લાવવાનું બદલે પોતાની સત્તાનો દંડો ઉગામી માર્કેટ યાર્ડમાં માર્કેટ સમિતિ દ્વારા બનાવવામાં આવેલ શોપિંગ સેન્ટરમાં ૩૦ વર્ષના ભાડા કરારથી ફાળવવામાં આવેલ સ્ટોલ ફાળવણીની મુદત તારીખ ૩૦-૯-૨૦૨૬ ના રોજ પૂર્ણ થઈ ગયેલ હોવાના કારણે કરારની શરત અન્વયે કરાર પૂર્ણ થતા સ્ટોલ નો પ્રત્યક્ષ કબજે બજાર સમિતિને બિન તકરારે સુપરત કરવાનો થતો હોઈ, સુપ્રત કરવા નો આદેશ ફરમાવતી નોટિસ દુકાનદારોને આપવામાં આવી છે.

વિદ્યાર્થીઓએ તેમના અમૂલ્ય યોગદાનને બિરદાવ્યું


## પ્રખર સમાજશાસ્ત્રી ડૉ. શ્યામા ચરણ દુબેની ૧૦૪મી જન્મજયંતિની ઉજવણી



(પ્રતિનિધી) ગોધરા, તા.27
શહેરા ખાતે આવેલી સરકારી વિનયન કોલેજના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ભારતના અગ્રણી સમાજશાસ્ત્રી ડૉ. શ્યામા ચરણ દુબેની ૧૦૪મી જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈને ડૉ. દુબેના ભારતીય સમાજશાસ્ત્ર ક્ષેત્રે રહેલા સામાજિક યોગદાનને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે વક્તાઓ દ્વારા ડૉ. શ્યામા ચરણ દુબેના જીવન અને વ્યક્તિત્વ પર વિસ્તૃત પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ભારતીય સમાજશાસ્ત્રમાં તેમનું અમૂલ્ય યોગદાન, ખાસ કરીને ગ્રામ સમાજનો અભ્યાસ, જનજાતિ સંશોધન, આધુનિકીકરણ, સામાજિક પરિવર્તન અને વિકાસના સમાજશાસ્ત્ર અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.


માર્ગ અને મકાન વિભાગની ઘોર બેદરકારીથી કરોડો રૂપિયાનું પાણી થયુ હોવાની લોકચર્ચા

## લીમખેડા-લીમડી હાઈવે પર વરસાદીથી પાણીથી બે મહિનામાં જ ડામર રોડ ધોવાયો



(પ્રતિનિધી) દાહોદ, તા.20
લીમખેડાથી લીમડી અને ઝાલોદ થઈને રાજસ્થાનને જોડતા અત્યંત વ્યસ્ત હાઈવે પર ડુંગરી ગામ પાસે માર્ગ અને મકાન વિભાગની ભ્રષ્ટ કામગીરીના કારણે પ્રજા મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. માત્ર બે મહિના અગાઉ જ કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલો નવો ડામર રસ્તો ઝરમર વરસાદમાં જ ધોવાઈ ગયો છે અને હાઈવે પર મસમોટા ખાડા પડી ગયા છે. રસ્તાની નબળી ગુણવત્તા અને ભ્રષ્ટાચારને લઈને સ્થાનિક રહીશો તથા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મહત્વપૂર્ણ માર્ગ પરથી રોજ બરોજ હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનો પસાર થાય છે. પ્રથમ જ સામાન્ય વરસાદમાં રોડ પર પડેલા મોટા ખાડાઓમાં પાણી ભરાઈ જવાના કારણે અકસ્માતોનું પ્રમાણ વધી ગયું છે. ખાસ કરીને બાઈકચાલકો ખાડામાં ફસાઈને પડી જવાના અને ઈજાગ્રસ્ત થવાના બનાવો રોજિંદા બન્યા છે. વાહનચાલકો અને રાહદારીઓની સુરક્ષા જોખમમાં મુકાઈ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી. સ્થાનિક નાગરિકોના આક્ષેપ મુજબ, રોડના નિર્માણમાં માપદંડોને નેવે મૂકીને અત્યંત હલકી ગુણવત્તાવાળા મટીરિયલ્સનો ખુલ્લેઆમ ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના કારણે ભ્રષ્ટાચારની પોલ ખુલી ગઈ છે.

## કાલોલના બેઢિયામાં ભાજપની મન કી બાત બાદ ટિફિન બેઠક અને વૃક્ષારોપણ



(પ્રતિનિધી) કાલોલ, તા.27
કાલોલ તાલુકાના બેઢિયા ગામ ખાતે આવેલા શ્રી જલારામ મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ ‘મન કી બાત’ નું સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે જિલ્લા પંચાયત પ્રમુખ નીરજકુમાર પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, કાલોલ તાલુકા ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ સંજયસિંહ રાઠોડ અને તાલુકા યુવા ભાજપ પ્રમુખ વિરેન્દ્રસિંહ ચૌહાણ સહિત ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા અને’મન કી બાત’ ના સમાપન બાદ આયોજિત “ટિફિન બેઠક” માં તમામ કાર્યકર્તાઓએ સાથે મળીને ભોજન લીધું.